<u>તારાંકિત પ્રશ્ન</u> <u>ક્રમાંક: પ્ર/</u>

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/1839

વિષય:

એમબીબીએસ પાસ થયેલ ઉમેદવારોને આખરી ડીગ્રી સર્ટીફિકેટ આપવા બાબત

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઈન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 19/01/2024 | તારીખ 10/02/2024 | 24/01/2024 |

*15/4/1839 ગેનીબેન નગાજી ઠાકોર (વાવ)

આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ જણાવવા કૃપા કરશે કે:-

ચૌદમી ગુજરાત વિધાનસભાના ત્રીજામાં સત્રમાં તા.૨૦-૦૨-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંક:૧૨૪૦૮(અગ્રતા-૨૬)ના અનુસંધાને માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ગ્રામ્ય વિસ્તારોમાં ડોક્ટરોની ઘટ નિવારી શકાય તે માટે સરકારી મેડિકલ કોલેજોમાંથી એમ.બી.બી.એસ. પાસ થઈને ઈન્ટર્નશીપ પૂર્ણ કરેલ ડોક્ટરોને સરકાર પ્રોવીઝનલ સર્ટીફિકેટ આપીને ત્રણ વર્ષ ફરજિયાત સરકારી હોસ્પિટલોમાં સેવા બજાવ્યા બાદ જ આખરી ડીગ્રી સર્ટીફિકેટ આપવાની બાબત કાયદાકીય જોગવાઈઓની ચકાસણી કરીને યોગ્ય વિચારણા કરવાની હતી, તો તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ બાબતે વિચારણા થયેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ વિચારણાને અંતે શું નિર્ણય લેવાયેલ છે?

----